# મેઘરજની પી. સી. એન. હાઈસ્કુલમાં ધો. ૧૦ની પરીક્ષામાં પ્રથમ કોપી કેસ નોધાયો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૨

સમગ્ર ગુજરાત રાજય માં આજ થી ધો ૧૦ અને ૧૨ ની પરીક્ષા નો પ્રારંભ થઈ ગયો છે સવારે ૧૦ વાગ્યે વિદ્યાર્થીઓ ને કંકુ તીલક કરી સાકર ખવડાવી સેન્ટર માં પ્રવેશ આપવા માં આવ્યો હતો.

ત્યારે આ વખતે શિક્ષક વિભાગ ધ્વારા સેન્ટર ઉપર થતી ગેરરીતી અપનાવવા માટે ત્રીજા નેત્ર એવા સીસટીવી ના હવાલે સમગ્ર સેન્ટર ની વોચ રાખવાનુ નકકી કરવામાં આવ્યુ છે અને અમુક જગ્યાએ ટેબલેટ ધ્વારા પણ દેખરેખ રાખવાનુ ગોઠવવામાં આવી છે ત્યારે આજે ધો ૧૦ ની પરીક્ષા ના ગુજરાતી વિષય માં મેઘરજ ની પી સીએન હાઈસ્કુલ માં પેપર શરૂ થયુ તે પછી બેઠક નંબર એ૧૨૬૪૯૮૭ બેઠક નંબર નો રીપીટર વીદ્યાર્થી ભગોરા પ્રદીપકુમાર કાન્તીભાઈ (ભાટકોટ હાઈસ્કુલ) ચાલુ પરીક્ષા દરમ્યાન મોબાઈલ અને સાહિત્ય લઈને બેસ્યાનુ સીસીટીવી માં કેન્દ્ર સંવાહક ના ધ્યાને આવતા તેમણે તરત જબ્લોક માં જઈ ને વિદ્યાર્થી પાસેથી આ અનઅધિકૃત સાહીત્ય કબજે કર્યુ હતુ અને આ વિદ્યાર્થી સામે કોપી કેસ કરી પરીક્ષા માં થી ઉભો કરી દેવા માં આવ્યો હતો ત્યારે અરવલ્લી જીલ્લા માં પરીક્ષા ના પ્રથમ દિવસે જ કોપી કેસ નોધાતા પ્રથા ગ્રસે માક્ષિકા જેવો માહોલ સર્જાયો હતો.

જયારે આજરોજ ધો ૧૦ માં ગુજરાતી વિષય ના પ્રશ્નપત્ર માં પાઠયપુસ્તક પ્રમાણે પ્રશ્નો પુછતા વધાર્થીઓ ખુશખુશાલ જણાતા હતા જયારે નિબંધ ની વાત કરી છે તો હાલ સરકાર ધ્વારા સ્વરછ ભારત નુ જે અભિયાન ઉપાડયુ છે તે અભિયાન ને ધ્યાને રાખીને પેપર સેટરે સ્વરછતા ત્યાં પ્રભુતા નામનો નિબંધ ને આવરી લીધો હતો જયારે મા તેમા બીજા બધા વગડા ના વ જેવા નીબંધ પુછાતા વીદ્યાર્થીઓ એ રાહતનો !શ્વાસ લીધો હતો અને હરદાઈને પ્રશ્નપત્ર પુરુ કર્યુ હતુ એકંદરે જોવા જઈએ તો પેપર એકદમ સરળ હતુ.

જયારે અરવલ્લી જીલ્લા માં ગુજરાતી માધ્ય માં ૧૭૭૩૭ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા જયારે ૪૪૬ ગેરહાજર રહયા હતા જયારે ૬૫ વિકલાંગ વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી જયારે અંગ્રેજી માધ્ય માં ૧૪૦ અને સંસ્કૃત માધ્ય માં ૯ જેટલા વિદ્યાર્થીઓ એ પરીક્ષા આપી હતી.

## બનાસકાંઠાના વરણાવાડાની યુવતિ ગુમ

બનાસકાંઠાના વડગામ તાલુકાના વરણાવાડા ગામના ચેલાભાઈ વિહાભાઈની ટીનાબેન ઉં.વ.૧૯ પોતાના ઘરેથી વડગામ વી.જે. હાઈસ્કૂલમાં પરીક્ષા આપવા જવાનું કહી ક્યાંક જતી રહી છે. જેની આજદિન સુધી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. જેનું વર્ણન આ પ્રમાણે છે. જે મધ્યમ બાંધાની, રંગે ઘઉંવર્ણની, ઉંમર ૧૯ વર્ષ, ઉંચાઈ ૪.૧ ફૂટ આશરે, જેણે પંજાબી ડ્રેસ પહેરેલ છે. જે ગુજરાતી-હિન્દી ભાષા જાણે છે. ગુમ થનાર વિશે જાણકારી મળે તો વડગામ પોલીસ સ્ટેશનના ટેલિફોન નં. ૦૨૭૩૯-૨૬૨૦૩૩ તથા પોલીસ કંન્ટ્રોલરૂમના ટેલીફોન નંબર-૦૨૭૪૨-૨૫૨૬૦૦ જાણ કરવા જણાવાયું છે.

# મોડાસા તાલુકા પંચાયતનુ ૧૨.૨૭ કરોડનુ બજેટ સર્વાનુમતે મંજુર

## કોંગ્રેસ દ્વારા બજેટ ગરીબો અને ખેડુત વિરોધી હોવાનો આક્ષેપ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૨

ગઈકાલે વિપક્ષના વિરોધની વચ્ચે અરવલ્લી જીલ્લા પંચાયતનુ ૩.૬૪ અબજનુ બજેટ પસાર કરવામાં આવ્યુ હતુ ત્યારે વીપક્ષ ધ્વારા આ બજેટ આદિવાસી અને દલિત વિરોધી હોવાનુ જણાવ્યુ હતું.

આજરોજ મોડાસા તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ સભાખંડમાં આજે સને ૨૦૧૫-૧૬નુ નથી તેવુ દધાલિયા સીટના કોગ્રેસના સદસ્ય જીગરભાઈએ જણાવ્યું હતુ.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બજેટ પસાર કરવામાં આવ્યુ હતુ. જેમાં કોગ્રેસ ધ્વારા આ બજેટ ગરબી દલિત અને ખેડુત વિરોધી હોવાનુ જણાવ્યુ હતુ. જયારે આ બજેટમાં સમાજ કલ્યાણને લગતી એકપણ બાબતનો સમાવેશ કરવામાં આવ્યો

જયારે તાલુકા પંચાયતનુ ૨૦૧૫-૧૬ નુ ૧૨.૨૭ કરોડનુ બજેટ પસાર કરવામાં આવ્યુ હતુ જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યુ હતું. જયારે બજેટમાં તાલુકાના વિકાસના કામોને પ્રધાન્ય આપવામાં આવ્યુ હતુ.

# મોડાસાની અમન પાર્ક સોસાયટીમાં ૩ બાળકો કમળાની ઝપેટમાં આવતા ખળભળાટ



(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૨

સમગ્ર ગુજરાત રાજય માં સવાઈનફ્લુ નામના મહાભયંક રોગે માથુ ઉચકયુ છે જયારે સ્વાઈનફ્લુ થી મૃત્યુ નો આંક ૫૦૦ ને પાર થઈ ગયો છે અને આ રોગ દિવસે ને દિવસે વધુ ને વધુ વકરી રહયો છે ત્યારે અરવલ્લી જીલ્લા ના મોડાસા ખાતે આવેલી અમનપાર્ક સોસાયટી માં મકાન નંબર ૧૦૪ માં રહેતા પરીવાર ના ત્રણ બાળકો કમળા ની ઝપેટ માં આવતા ખળભળાટ મચી ગયો છે જયારે આ બાબતે આરોગ્ય વિભાગ ને જાણ થતાં આરોગ્ય વિભાગની ટીમે તાત્કાલીક ધોરણે અમન પાર્ક સોસાયટી માં જઈ ને સર્વેહાથ ધર્યો હતો અને આ કમળાગ્રસ્ત પરિવાર ને જરૂરી સારવાર આપી હતી.

અમનપાર્ક સોસાયટી માં રહેતા બાંડી ગુલામમોયુદ્દીન આરીફ ભાઈ (ઉ.વ ૪) બાંડી મો અરહાન (ઉ.વ ૩) અને ટીંટોઈયા રૂકૈયાબાનુ સાહનવાઝ(ઉ.વ ૫ ) નામના આ ત્રણેય બાળકો કમળા ની ઝપેટ માં આવ્યા હતા જેમાં આ તમામ બાળકો હાલ મોડાસા ની ખાનગી હોસ્પીટલ માં સારવાર કરાવાઈ હતી જયાં કમળો હોવાનુ બહાર આવ્યુ છે.

# ડીસામાં ગેરકાયદેસર દબાણ તોડી પડાશે : પાલિકા પ્રમુખ કેલાસબેન શાહ

ડીસા, તા. ૧૨

ડીસા નગરપાલિકાની દબાણ સેલની ટીમ દ્વારા દાયકાઓ જુનું બટાટા સંશોધન કેન્દ્ર કચેરી દ્વારા કરાયેલ દબાણ તોડી પાડ્યું હતું. ડીસા નગરપાલિકાની જગ્યામાં વર્ષો પહેલા બટાટા સંશોધન કેન્દ્ર ડીસા કચેરી દ્વારા દબાણ કરી અહીં પાકો કોટ કરાયો હતો. જો કે પાલિકાએ આજે તે તોડી પાડ્યો હતો, જે બાદ અહીં જાહેર સુખાકારી સુવિધા સાથે નગરપાલિકા નિધિ ફંડમાં વધારો થાય તે રીતના વિકાસ કાર્યો કરાશે તેવું પાલિકા પ્રમુખ કેલાશબેને જણાવ્યું હતું.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વહેપારી મથક ડીસામાં ધંધા રોજગારની તકો વધતા શહેરી વિસ્તારમાં ખાનગી લોકો સાથે સરકારી અને અર્ધ સરકારી એવી અનેકો સંસ્થાએ પાલિકાની જમીન પચાવી પાડી દબાણો કર્યા છે, જેમાં કેટલાક દબાણો લગતા કેસો વિવિધ કાયદાની કોર્ટોમાં ટ્રાયલ પર છે, જો કે આવાજ એક કેસમાં બટાટા સંશોધન કેન્દ્ર ડીસા દ્વારા દાયકાઓ પહેલા મનસ્વી રીતે કચેરી ફરતી અને મુખ્ય રોડને સાંકળતી પ્રોટેક્શન વોલ બનાવાઈ હતી, જો કે આ પ્રોટેક્શન વોલનું દબાણ હટાવવા પાલિકા દ્વારા કાર્યવાહી હાથ ધરતા તે સરદાર કૃષિ નગરે આ કાર્યવાહી યોગ્ય ગણાવી કોર્ટમાં પડકારી હતી, જેમાં કોર્ટનો ચુકાદો ડીસા નગરપાલિકા તરફેણમાં આવતા આજરોજ પાલિકા દબાણ સેલ દ્વારા આ દબાણ તોડી પાડવામાં આવ્યું હતું. આ વર્ષો જુની મસ મોટુ દબાણ તોડી પડતા શહેર મધ્યે મોટી જગ્યા ખાલી થયેલ છે.

આ બાબતે પાલિકાના પ્રમુખ કેલાશબેન શાહે જણાવેલ કે હાલના આ ખઉલ્લા કરાયેલા દબાણમાં સીનીયર સીટીજન પાર્ક, સીટી બસ સ્ટેન્ડ, પે એન્ડ યુઝ શૌચાલય અને શોપીંગ સેન્ટર બનાવી નગરપાલિકા નિધિ અને ફંડમાં વધારો કરીશુ. ડીસામાં કોઈ પણ ચમરબંધી હશે પણ જો કાયદા વિરૂદ્ધ દબાણ હશે તો પાલિકા દ્વારા તે તોડી પડાશે તેવો તેમને હુંકાર પણ ભરેલ છે.

# માલપુરમાં સર્વે નંબર ૧૨૦માં આવેલ વિવાદીત કોમ્પલેક્ષની તપાસ શરૂ કરાઈ

## ટૂંક સમયમાં અહેવાલ રજૂ કરવામાં આવશે

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૨

અરવલ્લી જીલ્લા ના માલપુર માં હાર્દસમા સ્ટેશન વીસ્તાર માં નીતી નીયમો ને નેવે મુકી ને સર્વે નંબર ૧૨૦ માં વાણીજય હેતુ માટે બે માળ નુ તોતિંગ શોપીંગ સેન્ટર તાણી બાધવાનો વિવાદ વકરતા રચાયેલી જિલ્લા પંચાયત સમિતિ એ સ્થળ તપાસ કરતાં આગામી દિવસો માં આ બાંધકામ નો કેટલોક ભાગ દુર થાય તેવા સંજો બનવા પામ્યા છે.

અરવલ્લી જીલ્લા ના મલપુર ગામના ચાર રસ્તા પાસે આવેલ સર્વે નંબર ૧૨૦ માં એન એ ની ફાઈલ ખોટા પુરાવા ઉભા કરી મંજુર કરાવી લઈ ને તમામ નીતી નિયમો નેવે મુકી ને બાંધકામ કરી દેવાતા આ સામે જીલ્લા પંચાયત પંચાયત માં અવાર નવાર રજુઆત થતાં આ મામલો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો હતો ત્ફારે આ મામલાની ન્યાયીક તપાસ કરાય તે નેહાબેન પટેલ ધ્વારા આ મામલા ની ન્યાયીક તપાસ સમીતી ની રચના કરી હતી અને તપાસ સમિતી તપાસ કરવા માલપુર પહોચી હતી આ સમિતી માં



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

માટે શાસક પક્ષ ના પ્રમુખ વિરોધપક્ષ ના નેતા સહિત પાંચ સભ્યો ની તપાસ સમિતી એ સ્થળ તપાસ કરી હતી વહીવટી તંત્ર ને સાથે રાખી ને કરાયેલ તપાસ બાદ આ બાંધકામ માં કોઈ ખોટુ થયુ છે કે કેમ તે માટે નો અહેવાલ ની ચકાસણી કરાયા બાદ નીર્ણય લેવા માં આવશે.

માલપુર ના આ સર્વે નંબર ૧૨૦ નો વિવાદ દિવસે ને દિવસે વકરતો જાય છે અને વારંવાર ઉચ્ચકક્ષા એ રજુઆત થઈ રહી છે જેથી જીલ્લા પંચાયત ના પ્રમુખ કોગ્રેસ અને ભાજપ ના બન્ને પક્ષ ના સભ્યો પોતાનો અહેવાલ જીલ્લા વિકાસ અધિકારી ને રજુ કરી ને આગળ ની કાર્યવાહી હાથ ધરવા માં આવશે.

અરવલ્લી ના માલપુર માં થયેલ વિવાદ ની અનેક રજુઆત બાદ છેવટે જીલ્લા પંચાયત ની તપાસ સમિતી એ સ્થળ તપાસ કરી સર્વે નંબર માં થયેલ બાંધકામ ની માપણી કરાવી આ અંગે અહેવાલ બનતા તંત્ર ને તાકીદ કરાતા આ બાંધકામ મુદ્દે પ્રજા માં અનેક તર્કવિર્તકો થઈ રહયા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા-રાજેન્દ્રનગર રોડને પહોળો કરી થ્રી લેન કરવાની મંજુરી બજેટમાં મળી જતા આ વિસ્તારની પ્રજામાં આનંદની લાગણી છવાઈ હતી. પરંતુ રોડ બનતા તેની આજુબાજુના વર્ષો જુના ઘટાદાર વૃક્ષો પણ કપાઈ જશે તેના લીધે પર્યાવરણ પ્રેમીમાં દુખની લાગણી જોવા મળે છે. આ રોડ પર આવેલા વૃક્ષો જાણે કુદરતની દેન હોય તેમ વર્ષોથી અડીખમ ઉભા છે. સતત અવરજવર રહેતા આ માર્ગ પર આવેલા વૃક્ષો નીચે ભર ઉનાળે કેટલાય મુસાફરો પોતાની સુખની ઊંઘ પુરી કરતા કેટલીય વખત જોવા મળતા હતા. આ ઉપરાંત કેટલાય વાહનચાલકો પણ આરામ ફરમાવતા જોવા મળતા હતા. ખરેખર તો આ વિસ્તારની પ્રજા માટે આ રોડ પર આવેલા પેઢીઓથી ઉભા ઘટાદાર વૃક્ષો એક અદ્ભુત નઝારો હતા, પરંતુ હવે આ નઝારો હવે ભુતકાળ બનશે તેવું જાણીને અહીંની પ્રજા અને પર્યાવરણ પ્રેમીઓમાં નિરાશા વ્યાપી છે.

# લાખણી નજીકના ચિત્રોડા ગામની શંકાસ્પદ બાળકી તબીબી બેદરકારીએ ગંભીર

ડીસા, તા. ૧૨

બનાસકાંઠાના લાખણી તાલુકાના ચિત્રોડા ગામના એક શ્રમજીવીનું માસુમ બાળકી છેલ્લા સાત દિવસથી શંકાસ્પદ સ્વાઈન ફલુના તાવથી પીડિત હતી. જો કે લાખણી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આ બાળકની સારવાર હાથ ધરાઈ હતી. જો કે આજે તેની તબિયત વધુ લથડતા તેને ૧૦૮ માટે ડીસાની સરકારી હોસ્પિટલ ખસેડાયેલ છે જ્યાં તેની સ્થિતિ સ્થિર છે.

બનાસકાંઠાના ચિત્રોડા ગામની આ માસુમ બાળકી હાલ સંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો સાથે ડીસાની સરકારી હોસ્પિટલમાં જીવન અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહી છે. આ બાળકીનું નામ કોમળબેન થાનાભાઈ ઠાકોર છે. જે હાલની તાઝા સ્થિતિએ અતિ ગંભીર હાલતમાં છે. અને ખોરાક પાણી લઈ શકતી નથી. કેમ કે સહુ પ્રથમ આ માસુમ બાળકીની લાખણી સામુહિક આરોગ્ય કેન્દ્રના તબીબોએ સારવાર હાથ ધરી હતી. શરૂઆતથીજ આ બાળકીને તાવ, શરદી, ખાંસી, અશક્તિ સહીતના શંકાસ્પદ સ્વાઈન લક્ષણો હતા, જો કે તબીબોએ આ બાળકને સાત દિવસ સુધી પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવા અને અદ્યતન સારવાર સાથે સ્વાઈન ફલુ લગતો રીપોર્ટ કરાવેલ નહિ અને બેદરકારી દાખવી હતી. જેના લીધે ગરીબ અને લાચાર પરિવારનું આ માસુમ બાળકી મોત નજીક પહોંચી છે. જેને આજરોજ અતિ ગંભીર હાલતે ૧૦૮ મોબાઈલ વાન દ્વારા ડીસાની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જેમાં ૧૦૮ લાખણી વિભાગના ઈ.એમ.ટી. પ્રકાશભાઈએ જણાવેલ કે આ બાળકીની પ્રથમ લાખણી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર કરાઈ હતી. આ બાળકીને શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો છે અને સાત દિવસથી આ બાળકી બીમાર છે અને તેની તબિયત નાજુક છે.

જોકે આ બાળકી એક સપ્તાહથી આ શંકાસ્પદ બીમારીથી પીડિત હોવા છતાં લાખણી સામુહિક આરોગ્ય કેન્દ્રનાં આ બાળકીની સારવાર કરનાર તબીબોએ યોગ્ય સારવાર કે અન્યત્ર રીફર ન કરી નિષ્કાળજી દાખવતા આ બાળકી અતિ ગંભીર હાલતમાં મોત નજીક પહોંચી છે ત્યારે રાજ્ય સરકારઅને તંત્ર આ બાળકીને બચાવી લેવા આગળ આવે તે ઈચ્છનીય છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

એસ.એસ.સી. બોર્ડ પરીક્ષા આજે માર્ચ-૨૦૧૫થી પ્રારંભ થયેલ છે. ત્યારે માલપુર તાલુકાની વાલીબા સાયન્સ સ્કૂલ તખતપુર ખાતે છ વર્ગ ખંડો ફાળવેલ છે જેમાં આજે સવારે બોર્ડ પરીક્ષા આપવા આવેલ છાત્રોનો તણાવ હળવો કરવા અને પરીક્ષાનો ભય દૂર કરવાના શુભ આશયથી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મહેશભાઈ પટેલ દ્વારા તેમજ પરીક્ષા કેન્દ્રના સંવાહક અશોકભાઈ પટેલ તથા બોર્ડ પરીક્ષા પ્રતિનિધિ રસીકભાઈ પટેલના હસ્તે છાત્રોને ગુલાબના ફૂલ-પેન અને સાકરની પ્રસાદી આપી શુભેચ્છાઓ પાઠવી શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપવાની શુભકામના પાઠવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ

(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦